જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૨/૨૦૧૬ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૧૬/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી ૪૪ વ્યક્તિઓને ઝડપી ૧૩૩ લીટર દેશી દારૂ, ૧૩ ઈંગ્લીશ દારૂ, ૧ બિયર ટીન અને ૨ મોટર સાયકલ કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૧૭/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૩૧૮/૧૬**

**નારણપુરાઃ** ભાનુકાન્ત છનાલાલ શાહ (રહે.રમણકલા ફ્લેટ સંઘવી હાઈસ્કૂલના ક્રોસીંગ પાસે નારણપુરા) એ તા.૧૫/૨/૧૬ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૮/૧૫ થી તા.૧૦/૧૨/૧૫ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) આર જી ગુપ્તા (૨) વિક્રમ ઉપાધ્યાય (૩) રોહિતભાઈ શર્મા (૪) સત્યવીરસિંઘ મીના (૫) એડ્વોકેટ આસુતોષ રાણા(તમામ રહે. લાઈફ હેલ્થ સર્વિસ એન જી ઓ સંસ્થાના કર્મચારી) એ ભેગા મળી ભાનુકાન્ત શાહને ફોન કરી લાઈફ હેલ્થ સર્વિસ એન જી ઓ સંસ્થા માંથી બોલુ છુ તેમ કહી લોભામણી વાતો કરી વિશ્વાસમાં લઈ રૂપિયા ૧૯,૧૪,૫૦૮/- રોકાણ કરાવી મેળવી લીધા હતા. ત્યારબાદ વધુ નાણાની માંગણી કરતા ભાનુકાન્ત શાહે નાણા પરત માંગતા નાણા પરત નહી આપી છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર કે સોલંકી ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૩૧૯/૧૬**

**ઓઢવઃ** રણજીતસિંહ વિનુભાઈ ઝાલા (રહે.સોમા બેચરની ચાલી તુલસીશ્યામ સોસાયટીની બાજુમાં વિરાટનગર રોડ ઓઢવ) એ તા.૧૪/૨/૧૬ રાતના ૧૧/૦૦ વાગે રહેણાંક નજીક પોતાની બોલેરો પીક-અપ ગાડી નંબર જીજે ૨૭ વી ૨૫૨૦ કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૫/૨/૧૬ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ રણજીતસિંહ ઝાલાએ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એમ.પટેલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૨૦/૧૬**

**શહેરકોટડાઃ** વિપુલસિંહ રણજીતસિંહ ઠાકોર (ઉ.વ.૧૫) (રહે.બોમ્બે હાઉસ ગુજરાત હાઉસીંગ બોર્ડ સીટી ગોલ્ડની બાજુમાં સરસપુર) એ અગમ્ય કારણસર તા.૧૫/૨/૧૬ સાંજના ૫/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માતમોત નોધી આ અંગેની તપાસ હે.કો શ્રી વાલસંગભાઈ માલાભાઈ ચલાવે છે

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)